વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

પ્રતાપસિંહજી સોલંકી
(૧૯૪૮)મો.૯૮૯૮૩૩૩૯૩૬

એમ.જી. સોલંકી
(૧૯૩૮)મો.૯૪૨૮૦૪૯૫૬૦

ભારતીબેન ભુપેન્દ્રભાઈ પંચાલ
(૧૯૬૦)ફોન : ૨૩૨૪૬૯૮૯

રાજ્યોને વિશ્વાસમાં લઈને આંતરિક સલામતીની રણનીતિ તૈયાર થાય : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે નવી દિલ્હીમાં આંતરિક સુરક્ષા અંગે વડાપ્રધાનશ્રીએ યોજેલી રાજ્યોના મુખ્ય મંત્રીશ્રીઓની પરિષદમાં આંતરિક સલામતી જેવા રાષ્ટ્રીય હિતની ગંભીરતમ બાબતમાં કેન્દ્ર સરકારની ઉદાસિનતાની ટીકા કરી હતી અને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, આંતરિક સુરક્ષા માટે રાજ્યોના મુખ્ય મંત્રીશ્રીઓ સર્વાધિક પ્રાથમિકતા સાથે પરિશ્રમ કરી રજ્ઞા હોય એવા સંજોગોમાં કેન્દ્ર સરકાર મુખ્ય મંત્રીશ્રીઓનાં અનુભવી સૂચનોને ધ્યાનમાં લેવાને બદલે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે અવિશ્વાસ અને વિવાદ વકરે એવા એકપક્ષીય નિર્ણયો લઈ રહી છે જે દેશને વધુ ઘેરા સંકટ ભણી દોરી જશે.

વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ, ગૃહ મંત્રી શ્રી પી. ચિદમ્બરમ્ અને નાણા મંત્રી શ્રી પ્રણવ મુખરજીની ઉપસ્થિતિ અને ૨૪ રાજ્યોના મુખ્ય મંત્રીશ્રીઓની આ પરિષદમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકારે આંતરિક સલામતીની આખી જ બાબતને સર્વગ્રાહી પરિપ્રેક્ષ્યમાં સર્વાધિક એજન્ડા તરીકે હાથ ધરવાની જરૂર છે. રાજ્યોને નબળા પાડવાની અને કેન્દ્ર સરકાર દ્વારા આંતરિક સુરક્ષા માટેના રાજ્યોના અધિકારોને છીનવી લઈને રાજ્યો પાસે જે જવાબદારીની અપેક્ષા રાખે છે તે કઈ રીતે મૂર્તિમંત થશે એવો પ્રૅ તેમણે ઉઠાવ્યો હતો.

આ સંદર્ભમાં મુખ્ય મંત્રીશ્રીએ સચોટ દ્રષ્ટાંતો આપતાં જણાવ્યું કે, નેશનલ કંટ્રોલ ઓફ ટેરરિસ્ટ સેન્ટર્સ (NCTC) બાબતે રાજ્યોના મુખ્ય મંત્રીશ્રીઓના ઉગ્ર વિરોધ પછી વડાપ્રધાને અલગ ચર્ચા માટે સંમતિ આપી પરંતુ રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) એક્ટ અને હવે બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF) એક્ટમાં સુધારા દાખલ કરીને રાજ્યોના અધિકારો અને રાજ્યની પોલીસનું મનોબળ નબળું પાડવાની માનસિકતા કેન્દ્ર શા માટે ધરાવે છે?

આ જ સંદર્ભમાં, મુખ્ય મંત્રીશ્રીએ મિલીટરી દળોના અફસરોને Limited Compedtitive Exam પોલીસીના નામે રાજ્યોના પોલીસ અધિકારીઓ તરીકે નિમણૂંક આપવાની કેન્દ્રના ઈરાદા સામે પણ વિરોધ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, દેશની સેનાઓમાં જ અફસરોનો મોટો બેકલોગ છે ત્યારે દેશની સીમા સુરક્ષા સામે સંકટો ખડા કરીને સેના-અફસરોને રાજ્ય પોલીસદળમાં નિયુક્ત કરવાને બદલે આર્મીમાં ઓફિસર્સ ભરતીની ઝૂંબેશ કેમ હાથ ધરાય નહીં? શા માટે રાજ્ય પોલીસ અને સેના વચ્ચે તનાવ-વિવાદની સ્થિતિ ઉભી કરવામાં આવે છે?

મુખ્ય મંત્રીશ્રીએ દેશની સુરક્ષા બાબતે સંરક્ષણ સેના દળો અને કેન્દ્ર સરકાર વચ્ચે તાજેતરના મહિનાઓમાં સર્જાયેલા ખુલ્લા વિવાદ અને અવિશ્વાસની સ્થિતિને નવા સંકટ સમાન ગણાવી હતી અને આ પ્રકારના વિવાદનો અંત લાવવા કેન્દ્ર સરકાર પ્રોએકટીવ બને તેમ જણાવ્યું હતું.

ખૂણે ખાંચરેથી

● આજે મહાત્મા મંદિર ખાતે મળેલ કલેક્ટર-ડી.ડી.ઓ. અને પ્રાંત અધિકારીઓની બેઠકમાં એ.ટી.વી.ટી. સહિત ઘણા બધા મુદ્દાઓની ચર્ચા થઈ હતી. ● સોમવાર પ્રજા માટેનો દિવસ હોવા છતાં સરકાર દ્વારા અધિકારીઓની બેઠક સોમવારે જ યોજાતા મુલાકાતીઓ આજે નિરાશ થયા હતા. ● ગાંધીનગર શહેરમાં સફાઈ ઝુંબેશનું સઘનીકરણ કરવાની માંગ સાથે ભાજપના સભ્યો મનુભાઈ પટેલ, કાર્તિક પટેલ, આશિષ દવે, સુરેશ મહેતા, જાગૃતિબેન પુરોહિત, પ્રવિણાબેન દરજી અને પરાગી પંડ્યા, રમીલાબેન પરમારે એક સામુહિક પત્ર પાઠવ્યો છે. ● મહાત્મા મંદિર જતા માર્ગની સ્ટ્રીટલાઈટો છેલ્લા એક સપ્તાહથી બંધ છે. ● ગાંધીનગરમાં ટ્રાફિક સિગ્નલ સોલાર સંચાલિત મુકવા માટેની માંગ ઉઠી રહી છે.

સમાચાર ઝલક

- **બારડોલીના બલેશ્વર પાસે નેશનલ હાઈવે નં. ૮ પર ટેન્કરમાં આગથી ચક્કા જામ.**
- **શૂલપાણેશ્વર મેળાની તડામાર તૈયારીઓ : વહીવટી તંત્ર સાબદું.**
- **વલસાડી કેરી મે માસમાં બજારમાં દેખાશે.**
- **ટ્રક ચાલકોને સ્ત્રી વેશમાં લૂંટતી ગેંગના બે સાગરીતો મોડાસાથી ઝડપાયા.**
- **લગ્નસિઝન શરૂ થતાં ફુલોના ભાવ આસમાને પહોંચ્યાં.**
- **જૂનાગઢમાં ભારે વંટોળ અને ગાજવીજ સાથે તોફાની માવઠું.**
- **ધોરાજીમાં બે દેશી તમંચા, કાર્ટિસ સાથે આવેલા બે પરપ્રાંતિયો ઝડપાયા.**
- **ટીંટોઈમાં બાળકના પેટમાં લોખંડનો સળિયો ઘૂસી જતાં મોત.**
- **ઈડરની શરાફી મંડળીના કર્મચારીઓ દ્વારા રૂ. ૩૫.૪૨ લાખની ઉચાપત.**
- **કડીમાં એક વર્ષમાં ૧૦ના વધારા સાથે ગીધની સંખ્યા ૫૪ થઈ.**
- **પાટણ નજીક બે દિકરીઓને ત્યજી માતાએ ઝેરી દવા ગટગટાવી.**
- **પાટણથી ધારપુરના માર્ગમાં વાહનચાલકોને ભમરાના ડંખ.**
- **વરણમાં ચૂંટણીનું મન દુઃખ રાખી ધિંગાણું સર્જાતા ૪ લોકો ઘાયલ.**
- **કચ્છના રાપર તાલુકામાં માવઠું : ક્યાંક કરા પડયા.**
- **મુન્દ્રામાં ૧૦૪ નવદંપતિ નિકાહના બંધનમાં જોડાયા.**
- **આદિપુરમાં ચાર્લિ ચેપ્લિનની ૧૨૩મી જન્મજયંતિ ઉજવાશે.**
- **ઈડર નજીક ઘઉંના ખેતરમાં આગથી દોઢસો મણ ઘઉંનો જથ્થો નાશ.**
- **ધારી તાલુકાના સિવડ ગામની સીમમાં ખૂંખાર દિપડા સાથે બાથ ભીડીને મોટાભાઈને નાનાભાઈએ બચાવ્યો.**

મહુવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા ઑનિયન પાર્ક બનાવવા આયોજન

ગાંધીનગર, તા.૧૬

ભાવનગર જિલ્લામાં મહુવા ખાતે કાંદાનું સ્પેશયલ માર્કેટ યાર્ડ (ઑનિયન પાર્ક) બનાવવાનું આયોજન મહુવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા ઘડી કાઢવામાં આવ્યું છે.

મહુવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના પંચવર્ષીય અહેવાલમાં જણાવાયું છે કે આગામી સમયમાં કાંદાનું સ્પેશયલ માર્કેટીંગ યાર્ડ (ઑનિયન પાર્ક) બનાવવાનું આયોજન કરાયું છે. આ પાર્ક બનાવવા માટે અંદાજે ૫૦ થી ૫૫ વીઘા જમીન ખરીદવામાં આવેલી છે જો કે આ જમીન અંગે વિવાદ થતાં કોર્ટ કેસ ચાલુ છે

ગુજરાતમાં ડુંગળીનું સૌથી વધુ ઉત્પાદન ભાવનગર, અમરેલી, પોરબંદર, જુનાગઢ, કચ્છ સહીત સાત જેટલા જિલ્લામાં થાય છે. જેમાં સૌથી વધુ ૫૦ ટકા ઉત્પાદન માત્ર ભાવનગર જિલ્લામાં થાય છે.

ડુંગળી પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજાર પણ ઘર આંગણે મળી રહે તે માટે મહુવા ખાતે ઑનિયન પાર્ક બનાવવાનું આયોજન મહુવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ મહુવાના ચેરમેન ઘનશ્યામભાઈએ ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે અહીં મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાંથી પણ કાંદા આવતા થશે અને અહીંથી નિકાસ પણ કાંદાની થાય છે. ડુંગળી પકવતા ખેડૂતોને વિશાળ બજાર મળી રહે તે માટે ભવ્ય ઑનિયન પાર્ક બનાવવાનું પણ આયોજન કરાયું છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તામિલનાડુના મુખ્યમંત્રી સુ શ્રી જે. જયલલિતા વચ્ચે આજે નવી દિલ્હીમાં સૌજન્ય મુલાકાત યોજાઈ હતી. આંતરિક સુરક્ષા અંગેની મુખ્યમંત્રીશ્રીઓની પરિષદમાં હાજરી આપીને સુશ્રી જયલલિતા તામિલનાડુ ભવનમાં પરત પહોંચ્યા હતા ત્યારબાદ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમને મળ્યા હતા અને અડધો કલાક સુધી બંને મુખ્યમંત્રીશ્રીએ વિવિધ વિષયો ઉપર પરામર્શ કર્યો હતો.

શબ્દાવલી - ૪૭૦૨

૧	૨	૩	૪	■	૫		
૬				■		■	■
૭		■	■	૮			૯
■		■	૧૦		■	■	
૧૧	■	■	૧૨		૧૩	૧૪	■
૧૫	૧૬	૧૭	■	૧૮			૧૯
૨૦				■		■	
૨૧			■	૨૨			

આડી ચાવી

૧. આત્મહત્યા, જીવહત્યા (૪)
૫. ખાસ તહેવારે બનાવાતી વાનગી (૩)
૬. કાઢઘાલ, ખટખટ (૪)
૭. કિનારો, આરો (૨)
૮. તોફાની, ટીખળી (૪)
૧૦. માતા-પિતા, બા.... (૨)
૧૨. પડદો, ચક (૪)
૧૫. જૂના હિન્દી પિક્ચરની ડાન્સર (૩)
૧૮. કચકચ, બકબક (૪)
૨૦. સંબંધમાં લેવડ દેવડ કરવી, ... કરવો (૪)
૨૧. માંગ (સમયની) ચાંપતી ઉઘરાણી (૩)
૨૨. પૂરું કરવું (૪)

ઊભી ચાવી

૧. દુઃખ, સદમો (૩)
૨. ફેરવવું, પલોટવુ (૪)
૩. 'મેઘા' શબ્દ ઉંધો (૨)
૪. એક તેલીબીયા (૨)
૫. ઘૂમટો, ગુંબજ, લાજ (૩)
૮. સાવ જાય તેવું, નઠારું (૪)
૯. એક શુધ્ધતાનું માપ (૨)
૧૦. એક પંખી (૨)
૧૧. કોઈ વાતને ટૂંકા સ્વરૂપે સમજાવવા ઉદાહરણ અપાય તે (૪)
૧૩. નજીક, પાસે (૩)
૧૪. લોખંડ વગેરે ધાતુને.... લાગે તે (૨)
૧૬. લટકા કરી બોલવું તે (૩)
૧૭. નવાજવું તે, ભેટ આપવી (૩)
૧૯. કારેલા જેવો એક સ્વાદ (૩)

શબ્દાવલી ૪૭૦૧ના જવાબ

આડી ચાવી :- (૧) દોહિત્ર (૩) મતલબ (૬) રામ (૭) પગરવ (૮) વનરાજ (૯) વર્ષા (૧૨) શરપાવ (૧૪) રજત (૧૫) નવા (૧૬) નગદ (૧૮) મના (૧૯) પ્રયોજન

ઊભી ચાવી :- (૧) દોરા (૨) હિમવર્ષા (૩) મગજ (૪) તર (૫) લવણ (૭) પરાગરજ (૮) વર્ષા (૯) વરદાન (૧૦) ધ્રુવ (૧૧) અછોવાના (૧૨) શરદ (૧૩) પાતળિયો (૧૫) નમન (૧૭) ગતી

રાજ્યની ૧૩૦૭ ગ્રામ પંચાયતોની ચૂંટણીની આજે મતગણતરી

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યની ૧૩૦૭ ગ્રામ પંચાયતોની યોજાયલી ચૂંટણીની આવતીકાલે હાથ ધરવામાં આવનારી મતગણતરી માટે તમામ તૈયારીઓ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે.

રાજ્યની અંદાજે ૧૭૦૦ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજવામાં આવનાર હતી જે પૈકી અંદાજે ૪૦૦ જેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થવા પામી હતી. બાકી રહેલી અંદાજે ૧૩૦૭ જેટલી ગ્રામ પંચાયતોના સરપંચો ને સભ્યો માટે ચૂંટણી યોજાઈ હતી.

રાજ્યની ૧૩૦૭ ગ્રામ પંચાયતની યોજાયેલી ચૂંટણીઓની મતગણતરી આવતીકાલે હાથ ધરવામાં આવનાર છે. મતગણતરી શાંતિપૂર્ણ રીતે હાથ ધરાય તે માટે મતગણતરી કેન્દ્રો પર લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે

આવતીકાલે હાથ ધરાનારી મતગણતરી માટે રાજ્યચૂંટણી આયોગ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આવતીકાલે સવારે આઠ વાગ્યે મતગણતરી હાથ ધરવામાં આવશે અને બપોર સુધીમાં પરિણામો જાહેર થઈ જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. મતગણતરી કેન્દ્રોમાં ઉમેદવાર અને તેમના ટેકેદાર સિવાય અન્ય કોઈને પ્રવેશ આપવામાં આવનાર નહીં હોવાનું જાણવા મળે છે.

૧૩૦૭ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીના પરિણામો આવતીકાલે જાહેર થનાર છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોની નજર આ પરિણામ પર મંડાયેલ છે. આ પરિણામો બાદ જ ખ્યાલ આવશે કે કેટલી ગ્રામ પંચાયતોમાં ભાજપ તરફથી કે કોંગ્રેસ તરફી સરપંચો ચૂંટાયા છે.

ગાંધીનગરનો યશ પટેલ કાર્ટવ્હીલ ગેમમાં ગીનીસ રેકર્ડ નોંધાવવા ઈટાલી જશે

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના પર્સનલ સિક્યોરીટી ટીમના કમાન્ડો તરીકે ફરજ બજાવી રહેલા સુરત જિલ્લાના મહુવા તાલુકાના કોષ ગામના શ્રી બચુભાઈ ઢોડિયા પટેલનો ધો.૫માં અભ્યાસ કરતો ૧૦ વર્ષનો પુત્ર યશકુમાર પટેલે અત્યાર સુધીમાં કાર્ટ વ્હીલ ગેમમાં ત્રણ મહત્વના વિશ્વ રેકોર્ડ પોતાના નામે નોંધાવ્યા બાદ આવતીકાલે ગુજરાતનો આ નાનો યશ ઈટાલીના રોમ શહેરમાં યુનો ટીવી દ્વારા આયોજિત ગીનીશ વર્લ્ડ રેકોર્ડ માટે પસંદગી થતાં તે તેના માતા-પિતા સાથે ઈટાલી જશે. યશ પટેલ ઈટાલીમાં જઈને ગુજરાતને ગૌરવ અપાવે તે માટેની શુભેચ્છા રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત ઢોડિયા પટેલ સમાજના અગ્રણીઓએ તેમને શુભેચ્છા પાઠવેલ છે.

બચુભાઈ પટેલનો ધોરણ-૫માં અભ્યાસ કરતાં ૧૦ વર્ષના પુત્ર યશકુમાર પટેલની પસંદગી ઈટાલીના રોમ શહેરમાં યુનો ટીવી દ્વારા આયોજિત ગીનીસ વર્લ્ડ રેકોર્ડ માટે થઈ છે. ૧૦ વર્ષની ઉમરનો યશ નામનો આ ગુજરાતનું બાળક કાર્ટ વ્હીલ નામની રમત એટલે બે હાથ અને પગના આરા બનાવી ગાડાના પૈડાની જેમ ડાબે થી જમણે કે જમણે થી ડાબે થી ગોળ ફરે છે. યશ આ રમતમાં બે હાથને બદલે માત્ર એક હાથ અને પગનો ઉપયોગ કરીને કાર્ટ વ્હીલીંગ કરી શકે છે. સામાન્ય માણસ માત્ર એક હાથે કાર્ટ વ્હીલ કરવાનું થાય તો થાકી જાય છે. જો સતત ૩૦ મીનીટ સુધી આમ કરવાનું હોય તો ભલભલાને થકવી દે છે. પરંતુ આ ગુજરાતી યશ આ સાહસભરી રમત રમતાં રમતાં કરી બતાવે છે.

ગાંધીનગર ખાતે સેકટર-૧૬માં રહેતા બચુભાઈ પટેલનો પુત્ર યશ પટેલે માત્ર એક મીનીટમાં ૬૩ રાઉન્ડ કરીને ગીનીશ બુકમાં પોતાનું નામ નોંધાવેલ છે. અગાઉ કાર્ટ વ્હીલનો રેકોર્ડ બ્રાઝીલના નાગરિકનો હતો. કે વર્લ્ડ રેકોર્ડ આપણા ગુજરાતી સંતાન યશ પટેલના નામે લખાઈ ગયો છે. આ ઉપરાંત યશ પટેલે ૩૦ મીનીટમાં ૯૯૩ રાઉન્ડ કરીને લીમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું હતું. આ ઉપરાંત ઝી ટીવી દ્વારા ખૂબ જ પ્રસિદ્ધ પામેલા શાબાશ ઈન્ડિયા કાર્યક્રમમાં પણ સફળતા મળેલ છે. યશ પટેલે ૧૫ મીનીટમાં ૪૪૫ કાર્ટ વ્હીલ રેકોર્ડ નોંધાવીને સમગ્ર દેશમાં ભારે પ્રશંસા મેળવી છે.

લોકઅદાલતમાં ૩૦૭ કેસોનો નિકાલ ૬ લાખથી વધુ વળતર ચુકવાયું

મોટર અકસ્માતના ૮ કેસમાં સમાધાનની પ્રક્રિયા હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા આંબેડકર જયંતિ નિમિત્તે જિલ્લામાં યોજાયેલી ૨૨ લોકઅદાલતમાં ૩૦૭ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. જ્યારે રૂ. ૬.૨૪ લાખની રકમ વળતર અને દંડ પેટે વસુલવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના આદેશથી જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા ગત તા. ૧૪ એપ્રિલના રોજ જિલ્લામાં ૨૨ લોક અદાલત યોજવામાં આવી હતી. જેમાં માણસા અને દહેગામમાં ૧, કલોલમાં-૪ તેમજ ગાંધીનગરમાં ૧૬ લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોકઅદાલત દરમિયાન કુલ ૪૬૮ કેસ મુકવામાં આવ્યા હતા. આ પૈકી ૩૦૭ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

જેમાં સિવિલ કેસો-૭૪ પૈકી ૫૦નો નિકાલ કરાયો હતો. જ્યારે ૨૭૮ ક્રિમીનલ કેસ પૈકી ૨૧૭ કેસોનો નિકાલ કરાયો હતો. આ ઉપરાંત મોટર અકસ્માતના ૮ કેસોમાં સમાધાનની પ્રક્રિયા હાથ ધરી રૂ. ૬.૬ લાખનું વળતર ચુકવાયું હતું. વધુમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીના પ્રિ-લીટીગેશનના પણ ૪૪ કેસો મુકવામાં આવ્યા હતા. આ પૈકી ૨૭નો નિકાલ કરાયો હતો. લોક અદાલત દરમિયાન કુલ રૂ. ૬,૨૪,૫૬૦ વળતર અને દંડ પેટે વસુલવામાં આવ્યા હતા. સમાધાન પંચ તરીકે અરૂણ બૂચ, સુધીર દેસાઈ, લત્તાબેન ચોકસી, આશાબેન સરવૈયા તેમજ સીતારામ પટેલે હાજરી આપી હતી.

લોદરા ખાતે આજે અતિ મહારૂદ્ર યજ્ઞ યોજાશે

માણસા તાલુકાના લોદરા મુકામે શ્રી સાંઈધામ મંદિર તથા સાંઈ ભક્તજનો દ્વારા તા. ૧૭મી એપ્રિલથી તા. ૧૯ મી એપ્રિલ સુધી શ્રી અતિ મહારૂદ્ર યજ્ઞ તથા સાંઈરામનો મહા અભિષેક રાખવામાં આવ્યો છે. આચાર્યશ્રી શાસ્ત્રી જગદીશભાઈ સી. બાઢક દ્વારા સમગ્ર મહારૂદ્ર યજ્ઞનું સંચાલન સંભાવશે. આ યજ્ઞનો લાભ લેવા માટે સંચાલકોએ જણાવેલ છે.

હોટ મીકસ પ્લાન્ટ તથા સ્ટોન ક્રશર એકમોને તાકીદ

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા હોટ મીકસ પ્લાન્ટ તથા સ્ટોન ક્રશીંગના ઉદ્યોગોથી થતા હવા પ્રદૂષણના નિયંત્રણ તથા સ્વચ્છ ઉત્પાદન અર્થે માર્ગદર્શિકા બનાવવામાં આવેલ છે તથા તેનો અમલીકરણ હોટ મીકસ અને સ્ટોક ક્રશીંગ ઉદ્યોગ માટે ફરજીયાત કરાયેલ છે. આમ છતાં, કેટલાક ઉદ્યોગો આ માર્ગદર્શિકાનું પાલન કરતા ન હોવાનું ધ્યાન પર આવેલ છે. જે બાબતને ગંભીરતાથી લેતાં બોર્ડ દ્વારા હોટ મીકસ પ્લાન્ટ તથા સ્ટોન ક્રશર જેવા ઉદ્યોગોને સ્વચ્છ ઉત્પાદનની માર્ગદર્શિકાનું ચૂસ્તપણે અમલીકરણ કરવા તાકીદ કરવામાં આવે છે. આમ કરવામાં કસૂરવાર ઉદ્યોગો સામે કાયદાકીય રીતે સખ્ત પગલાં ભરવામાં આવશે જેની સંબધિતોએ નોંધ લેવી. આ માર્ગદર્શિકા બોર્ડની વેબસાઈટ **https;//www.gpcb.gov.in** પર ઉપલબ્ધ છે.